દાદા ભગવાન પરિવારનું
ઓક્ટોબર ૨૦૨૧
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



## મા...માંગુ હું એક જ વરદાન...
## વ્યવહારમાં શુદ્ધિ રે...

# મા અંબા...

## સંપાદકીય

મિત્રો,

રાજાના મિત્રને તકલીફ પડે તો પહેલા કોની પાસે દોડીને જાય ? રાજા પાસે. ખરું ને ? અને રાજા મદદ કરે પણ ખરા. પણ જો મિત્ર રાજાને નારાજ કરે તો શું રાજા મદદ કરે ? મિત્રએ જો રાજા સાથે ફ્રેન્ડશિપ ટકાવી રાખવી હોય તો ફ્રેન્ડશિપના રૂલ્સ પાળવા પડે ને ? તે જ રીતે આપણે દેવ દેવીઓને રાજી રાખવા હોય તો એમના કાયદાઓ પાળવા પડે. આપણે મંદિરોમાં ઘણીય વાર અંબામા ના દર્શન કર્યા હશે અને 'મા' ને આપણી ઉપર રાજી રહેવા માટે પ્રાર્થના પણ કરી હશે. અંબામાને રાજી રાખવા માટે એમના કયા કાયદાઓનું પાલન કરવું જોઈએ ?

આ અંકમાં સરસ મજાની વાર્તાઓ દ્વારા એ કાયદાઓની વિસ્તૃત સમજણ મેળવીએ. અને સાથે સાથે એ પણ જાણીએ કે દાદાશ્રી અને નીરુમાનું અંબામા સાથે શું કનેક્શન છે ? નવરાત્રી કેમ ઉજવાય છે ? અને એવી બીજી ઘણીય ઈન્ટરેસ્ટિંગ વાતોનો ખજાનો ડિસ્કવર કરીએ. તો ચાલો, આ ઓક્ટોબર મહિનામાં અંબામાના રંગે રંગાઈ જઈએ !

- ડિમ્પલભાઈ મહેતા


અક્રમ એક્સપ્રેસ

Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2021, Dada Bhagwan Foundation
All Rights Reserved



વર્ષ : ૧૪, અંક : ૨
સળંગ અંક : ૧૫૮
ઓક્ટોબર ૨૦૨૧



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# જ્ઞાનીઓ કહે છે...

દરેક દેવીઓના કાયદા હોય છે. તે કાયદા પાળે તો માતાજી ખુશ રહે.

પ્રશ્નકર્તા : અંબામાના કાયદા શું હોય છે ? અમારે કેવી રીતે પાળવાના ?

પૂજ્યશ્રી : અંબામા શું કહે છે ? સહજતા રાખો. જેમ સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લિયા સો પાની, અને ઝઘડા કરીને લીધું, ખેંચી લીધું, એ બધું લોહી બરાબર થઈ ગયું. સહેજાસહેજ મળે એના આનંદમાં રહો. સહેજાસહેજ મળે એનો લાભ લો અને ડખા ના કરો કોઈ જગ્યાએ.

પ્રશ્નકર્તા : ડખો એટલે ?

પૂજ્યશ્રી : આને કેમ આપ્યું ? મને કેમ ના આપ્યું ? "તું આવી છે ને તેવી છે" એવું મમ્મી સાથે કરીએ, એ શું કહેવાય ? ડખો કહેવાય. એ ડખો હોય ત્યાં માતાજી રાજી ના થાય. સહેજાસહેજ મળ્યું તે ખાધું, પીધું અને રહ્યા. ના મળ્યું તો કકળાટ નહીં કરવાનો. ના ભાવતું આવે તે દહાડે આપણે થોડું ખાઈ લેવાનું. જેમ મમ્મીએ દાળ-ભાત બનાવ્યા હોય તો થાય કે મારે ખાવા જ નથી. તો એવું નહીં કરવાનું. જે બનાવ્યું હોય એ, બધું થોડું થોડું ખાવું. સહજ ભાવે રહેવું. ડખા નહીં કરવાના તો માતાજી રાજી થાય.

માતાજીની ભક્તિ કરવાથી આપણી પ્રકૃતિ સહજ થાય.

પ્રશ્નકર્તા : પ્રકૃતિ સહજ થાય એટલે શું ?

પૂજ્યશ્રી : પ્રકૃતિ સહજ થાય એટલે શું કે ડખા વગરના થતા જઈએ. બધી પરિસ્થિતિમાં એડજસ્ટ-મેન્ટ. જે મળ્યું તેમાં એડજસ્ટમેન્ટ. દુઃખી ના થાય. દૂધમાં ખાંડની જેમ સમાઈ જાય અને કાંકરી હોયને તો ખખડે. તે લોકો એને ઊંચકીને બાજુએ મૂકે. કાંકરી જેવું નહીં થવાનું. ખાંડ જેવું થવાનું.





અંબામાને બધા
ધર્મોએ સમાન ભાવથી
સ્વીકારેલા છે.

# આ તો નવી



ગમે એટલું થાય તો ય
અંદર ઊંચું-નીચું ના થાય, ગમે
તેવા બહારના સંજોગો આવે તો ય
અંદર સહજ રહે ત્યારે સમજવાનું કે
આ માતાજીને તમે રીઝવ્યા છે,
પ્રસન્ન કર્યા છે, દૈવી શક્તિ
તમે પ્રગટાવી છે.

અમે ક્યારેય પણ અંબામાના,
લક્ષ્મીજીના કે સરસ્વતીદેવીના
કાયદા તોડ્યા નથી.
નિરંતર તેમના કાયદામાં જ
રહીએ છીએ. તેથી આ ત્રણેય
દેવીઓ અમારા ઉપર
નિરંતર પ્રસન્ન રહે છે !



# મજ વાત !

અમે (દાદાશ્રી) અંબેના
એકના એક લાલ છીએ.
માતાજી પાસે તમે
અમારી (દાદાશ્રીની)
ચિઠ્ઠી લઈને જાવ તો સ્વીકારે.



# બંકુ ધ બુકવોર્મ




બંકુના ફ્રેન્ડસ રિકી અને રિયા બંકુને, 'બુકવોર્મ બંકુ' કહે છે. જાણો છો કેમ ? કેમ કે એ આખો દિવસ પોતાના રૂમમાં બેસીને કંઈ ને કંઈ વાંચતો હોય છે. રિકી અને રિયા બંકુને ઊંધા-છત્તા સવાલો પૂછીને હેરાન કરતા રહે છે... પણ શું બંકુ હેરાન થાય છે ? ચાલો જોઈએ...

આજે, નવરાત્રીનો પહેલો દિવસ છે. રિકી અને રિયા રેડી થઈને ગરબા રમવા જઈ રહ્યા છે. તેઓ બંકુને બોલાવા જાય છે. બંકુ તો ઘરના સાદા કપડામાં બેઠો હતો.



બંકુ, આજથી નવરાત્રી શરૂ થાય છે. નવ દિવસનો તહેવાર. આ વખતે તો અમે ગરબા રમીને પ્રાઈઝ જીતવાના છીએ.



નવરાત્રી, નહીં 'નવી-રાત્રી' !!



ન-વ-રા-ત્રી... કહેવાય.



ના. આપણા હિન્દુસ્તાનમાં એક જમાનો એવો હતો કે જ્યારે વરસાદ પડે ત્યારે મચ્છરો ઉત્પન્ન થતા. મેલેરિયા થઈ જતો અને તાવ આવતો હતો. તે તાવમાં ઘણાં ખરા લોકોના મૃત્યુ થઈ જતા હતા.



ઓહ...

જેટલા બચ્યા એટલા લોકો 'નવી-રાત્રી' ઉજવતા હતા. મરી જવાના હતા ને બચી ગયા એટલે ઉજવે. તે માતાજીની આરતી ભક્તિ કરે. એટલે 'નવ-રાત્રી' ખરેખર, 'નવી-રાત્રી' હતી. ખરાબ ટાઈમ ગયો અને હવે સારા દિવસો શરૂ થયા.





તો સારા દિવસો શરૂ થયા એટલે માતાજીને 'થેંક યુ' કહેવા માટે આરતી કરે બધા ?

એમને ભજવાથી સહજ થવાય, જીવન સારું થાય. એટલું જ નહીં, પણ ફેસબુક, ટી.વી., મુવી, ઈન્ટરનેટથી બગડેલું ચિત્ત આરતી કરવાથી સુધરી જાય.





રિકી, આપણે માતાજીની ભક્તિ થાય અને ચિત્ત સુધરી જાય એના માટે ગરબા રમીને મોટું પ્રાઈઝ મેળવીશું.

હા ચોક્કસ. બંકુ, તું પણ કપડા બદલી લે, ખાલી વાંચવાથી ફાયદો ના થાય. ગરબા રમવા પણ પડે !





રિકી, રિયા અને બંકુ તો માતાજીની સાચી ભક્તિ કરીને ગરબામાં જૂમવા તૈયાર થઈ ગયા, અને તમે ?

# સહજ મિલા સો દૂધ બરાબર

બહુ વર્ષો પહેલાની આ વાત છે. જર્મનીમાં દુકાળ પડ્યો. ગરીબ લોકો પાસે ખાવા માટે અનાજ નહોતું. એક સજ્જનને બાળકો બહુ જ વહાલાં હતા. એમણે વીસેક બાળકોને બોલાવીને કહ્યું, ''આ બાસ્કેટમાં મેં તમારા બધા માટે એક એક પાઉં રાખ્યા છે. એ લઈ જાઓ અને કાલે ફરી પાછા લેવા આવજો દુકાળ પતે ત્યાં સુધી રોજ તમને અહીંથી પાઉં મળશે.''

બાળકો તો બાસ્કેટ પર તૂટી પડ્યા. બધાને સહુથી મોટું પાઉં જોઈતું હતું. થોડી મિનિટો માટે બાળકોએ એકબીજા સાથે મોટા પાઉં માટે ખેંચા-ખેંચી કરી. ઝઘડો કરવામાં બધા એટલા તલ્લીન થઈ ગયા હતા કે પેલા દયાળુ વ્યક્તિને 'થેંક-યુ' કહેવાનું ભૂલી ગયા. અને આખરે, બધા પોતાનું પાઉં લઈને ભાગી ગયા.

ગ્રેચેન નામની એક નાનકડી બાળકી ખૂણામાં ઊભી હતી. બધા ગયા પછી એ હસતી હસતી આવી અને સહુથી છેલ્લું બચેલું નાનકડું પાઉં લઈને, પેલા સજ્જનને દિલથી 'થેંક-યુ' કહીને ચાલી ગઈ.

બીજા દિવસે પણ એવું જ બન્યું. કોઈ ધક્કા-મુક્કી કર્યા વગર સહુથી છેલ્લે બચેલું નાનકડું પાઉં લઈને ગ્રેચેન ઘરે ગઈ. ગ્રેચેનના પાઉંની સાઈઝ અન્ય બાળકોના પાઉંની સાઈઝ કરતા અડધી હતી.

ઘરે, ગ્રેચેનની મમ્મીએ જ્યારે પાઉંનો ટુકડો તોડ્યો તો એમાંથી છ ચાંદીના સિક્કા નીકળ્યા.

''ઓહ ગ્રેચેન, જલ્દી જઈને પેલા અંકલને આ સિક્કાઓ પાછા આપી આવ. આ તો આપણા નથી.'' મમ્મીએ ગ્રેચેનને સજ્જન પાસે મોકલી.

દોડતી દોડતી ગ્રેચેન સજ્જનને સિક્કાઓ પાછા આપવા આવી અને કહ્યું, ''અંકલ, કંઈક ભૂલ થઈ છે. આ સિક્કાઓ અમારા નથી.''

સજ્જને પ્રેમથી કહ્યું, ''કોઈ ભૂલ નથી થઈ. આ સિક્કાઓ મેં ખાસ તારા માટે સહુથી નાના પાઉંમાં બેક કરાવ્યા હતા. તે અન્ય બાળકોની જેમ મોટા પાઉં માટે ખેંચાખેંચ ના કરી, પણ સહજ રહીને નાના પાઉંમાં સંતોષ માન્યો. એનું જ આ ઈનામ છે.''

મિત્રો, કહેવાય છે ને કે, ''સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લિયા સો પાની ઔર ખીંચ લિયા સો રક્ત બરાબર....'' ગ્રેચેને ના કોઈ પાસે મોટું પાઉં માંગ્યું અને ના કોઈની પાસેથી મોટું પાઉં ખેંચ્યું. એણે સહજ રહેવાનું મોટું ઈનામ પ્રાપ્ત કર્યું. સહજ રહેવાનો આનંદ તો જિદ કરીને વસ્તુ મેળવવાના આનંદ કરતા પણ અનેક ગણો વધુ હોય છે. શું તમને આ વાત માનવામાં નથી આવતી ? તો પછી, પ્રયોગ કરી માણી જુઓ સહજ રહેવાના આનંદને !





# મીઠી યાદેં...

ઘણા વર્ષો પહેલાંની વાત છે. હું મુંબઈથી નીરુમાને ટેમ્પો ટ્રાવેલરમાં લઈને સુરત મંદિરે જવા નીકળ્યો. સુરતની આજુબાજુ રહેતા બધા મહાત્માઓ પણ નીરુમા સાથે મંદિરે આવવા માટે જોઈન થયા. સુરત મંદિરે જવાનું કારણ એ હતું કે એક મહાત્મા ભાઈને દૈવી સંકેત મળ્યો હતો કે જગતના અંતરાયો અને વિઘ્નો દૂર થાય અને ખૂબ લોકો દાદાનું જ્ઞાન પામે તે માટે નીરુમા દર પૂનમે સીમંધર સ્વામીની ભક્તિ કરે.

અમે બધાએ રાત્રે મંદિરમાં, નીરુમા સાથે સીમંધર સ્વામી ભગવાનની સામે બેસીને લગભગ બે કલાક ભક્તિ કરી. પછી નીરુમા ભગવાનને પગે લાગ્યા. પાછા વળતા, મંદિરના પગથિયા નીચે ઉતરતા હતા ત્યારે મેં નીરુમાને પ્રશ્ન પૂછ્યો કે, "નીરુમા આ તમે હમણાં સીમંધર સ્વામીના દર્શન કર્યા, અહીંયા ભક્તિ કરી તો કોઈ દેવ દેવીઓ અહીંયા આવે ?"

નીરુમા કહે કે, "હા, કેમ ના આવે. આવે જ. અહીંયા હોય જ."

મેં નીરુમાને બીજો પ્રશ્ન પૂછ્યો, "નીરુમા, આપણે લોકો ભક્તિ કરતા હતા ત્યારે કોઈ દેવ-દેવીઓ હાજર હતા ?"


નીરુમાએ એક મિનીટ પોઝ લઈને કહે છે, "હા, હતાને. ઘણા બધા દેવ-દેવીઓ હતા."

"શું વાત કરો છો નીરુમા, તમને આ દેવ-દેવીઓ ક્યાં બેઠા હોય એ દેખાય નીરુમા?" મને જબરજસ્ત આશ્ચર્ય થયું.

નીરુમાએ ભગવાન સામે જોયું અને મને કહ્યું, "હા, અમને દેખાય. કયા દેવ-દેવીઓ આવ્યા છે, શું કરી રહ્યા છે, ક્યાં બેઠા છે. એ બધું અમને દેખાય."

હું તો બહુ જ અચરજ પામી ગયો, "શું વાત કરો છો નીરુમા, તમને આ આંખે દેખાય ? હમણાં કયા દેવ-દેવીઓ આવેલા? કઈ જગ્યા પર બેઠા હતા ?"

નીરુમાએ સહજ રીતે કહ્યું, "ભગવાનની ડાબી બાજુ ઉપરના ભાગમાં અંબામા બેઠા હતા, જમણી બાજુ નીચેના ભાગમાં પાર્શ્વયક્ષ બેઠા હતા." અને બીજા ત્રણ-ચાર દેવ-દેવીઓના નામ પણ બોલ્યા. અને પછી, ધીમે રહીને પગથિયા ઉતરવા લાગ્યા.



મને થયું, "ઓહોહો આ કેવા નીરુમા મારી સાથે છે ! બધા દેવ-દેવીઓને ઓળખે છે, એમને જોઈ પણ શકે છે અને એ નીરુમા ચોવીસ કલાક મારી સાથે છે. નીરુમાને એક-એક વસ્તુ આરપાર દેખાય છે. સામાન્ય મનુષ્યો જે ના જોઈ શકતા હોય એ મારા નીરુમાને સહજ રીતે દેખાય છે." એ દિવસથી નીરુમા પ્રત્યે એક અલગ પ્રકારની ભક્તિ શરૂ થઈ ગઈ.

# રહસ્યમયી સફર


(ગયા અંકમાં આપણે જોયું કે સરસ્વતી માતા એ નિસર્ગને આગળનો રસ્તો બતાવ્યો અને અદૃશ્ય થઈ ગયા. નિસર્ગ થોડો આગળ ચાલ્યો ત્યાં તેને એક દરવાજો દેખાયો, દરવાજા પર કંઈક લખેલું હતું. નિસર્ગે વાંચ્યું અને અંદર જવા ઉત્સાહિત થઈ ગયો !)

નિસર્ગ દરવાજા પર લખેલી સૂચના વાંચીને અંદર પ્રવેશ્યો. જેવો અંદર પ્રવેશવા ગયો ત્યાં જ નીચે એક વિશાળ સરોવર દેખાયું.

નિસર્ગ ગભરાઈ ગયો, " હવે આગળ કેવી રીતે જઉં ? મને તો સ્વિમિંગ પણ નથી આવડતું" એ એકદમ ભયભીત બની ગયો.

ત્યાં તો એને થોડાં થોડાં અંતરે મોટા-મોટા ગોળ પથ્થરો દેખાયા. પથ્થરો પર લખેલા શબ્દો વંચાયા, "ચાવી મેળવી, તાળું ખોલો"

**" એક ખાસ શંખમાં મળશે ચાવી, લાઈફ જેકેટ પહેરી કરો શોધવાની તૈયારી. "**



" કેવી રીતે મળશે ચાવી ? હવે હું શું કરીશ ? "

નિસર્ગને કંઈ જ સમજાઈ નહોતું રહ્યું. એણે કશું વિચાર્યા વગર પહેલા પથ્થર પર પગ મૂક્યો. પગ મુકતાની સાથે જ પથ્થર ડોલવા લાગ્યો અને નિસર્ગ પાણીમાં ગબડી પડ્યો. ત્યાં તો એક જલપરીએ નિસર્ગને ઉઠાવીને બીજા પથ્થર પર મૂક્યો અને સાથે સાથે એક વોર્નિંગ આપી, " યુ હેવ ટુ મોર અટેમ્પ્ટ. હજુ બે વાર તને મદદ મળશે. પછી...." આટલું કહી, પરી ગાયબ થઈ ગઈ.

"પછી શું ? પછી મારે શું કરવાનું ?" નિસર્ગનો પ્રશ્ન જાણે હવામાં ઊડી ગયો. કોઈ પાસવર્ડને ડીકોડ કરવા માટે અમુક

ટ્રાયલ મળે એમ આ સરોવરને પાર કરીને ચાવી મેળવવા માટે નિસર્ગ પાસે હવે ખાલી બે ટ્રાયલ બાકી હતા. નિસર્ગની ગભરામણ વધી ગઈ. બીજા પથ્થર પર પણ એને નિષ્ફળતા મળી. ફરી એક વાર જલપરીએ નિસર્ગની મદદ કરી અને હસીને ગાયબ થઈ ગઈ. નિસર્ગ થોડો રિલેક્સ થયો અને એને એક વિચાર આવ્યો, "જલપરી જ્યારે મારી મદદે આવે છે ત્યારે હું બિલકુલ શાંત હોઉં છું અને પથ્થર પર આરામથી બેલેન્સ કરી શકું છું. ગભરામણમાં હું પડી જઉં છું. શાંત રહીને બેલેન્સ કરવાની ટ્રાય કરું."

નિસર્ગે સ્થિરતાપૂર્વક પથ્થર પર પગ મૂક્યો. જોયું તો પથ્થર સ્થિર અને નિસર્ગ પણ સ્થિર !

આજ રીતે ગભરાયા વગર બેલેન્સ રાખીને ધીરજપૂર્વક નિસર્ગે એક પછી એક પથ્થર પર પગ મૂકીને સરોવર પાર કર્યું.

નિસર્ગને વિચાર આવ્યો, "આ તો કેટલું ઈઝી હતું! મેં જ ગભરામણમાં એને અઘરું ઈમેજિન કરી દીધું હતું. એનો મતલબ કે જે કામ ગભરાયા વગર કરીએ એ ઈઝીલી પતી જ જાય !" આ વિચાર આવતાની સાથે જ નિસર્ગની પાછળનું સરોવર ગાયબ થઈ ગયું અને સામે રહેલો દરવાજો જાતે જ ખૂલી ગયો.

"આ શું, ચાવી વગર જ તાળું ખૂલી ગયું ?" એક બાજુ નિસર્ગને વિચાર આવ્યો અને બીજી બાજુ નીર પરી જવાબ લઈને હાજર થઈ ગઈ.

"તારી સાચી સમજણ એ જ તાળું ખોલવાની ચાવી છે ! હવે, તારા જેવા જ એક સાથી સાથે વોટર ટનલ પાર કરવા તૈયાર થઈ જા," પરીએ કહ્યું.

'સાથી ?!!' નિસર્ગ કંઈ આગળ વિચારે એ પહેલા જ એણે એની ઉંમરના એક છોકરાને જોયો.

એ છોકરાને જોતા જ નિસર્ગની બુધ્ધિએ ડખો કર્યો, "આના કરતા થોડો પાતળો સાથી હોત તો ટનલ ઈઝીલી પાર કરી શકાત."

નિસર્ગની મૂંઝવણ જોઈને નીર પરીએ તેને પૂછયું, 'તને કોઈ પ્રોબ્લેમ છે ?'

નિસર્ગ ખોટું બોલવા જતો હતો ત્યાં જ તેને સરસ્વતી માતાને સત્ય બોલવા માટે આપેલું વચન યાદ આવ્યું અને તે ચૂપ રહ્યો.

નિસર્ગ પોતાના સાથી સાથે ટનલમાં આગળ જવા વધ્યો. પણ, અજાણ્યા સાથી સાથે એ તાલમેળ સાધી શકતો ના હતો. એક કંઈ કહે અને બીજો કંઈ સમજે. નિસર્ગને ઈરીટેશન થયું, "આ મારી વાત સમજતો કેમ નથી ! આવા પાર્ટનર સાથે ટનલ ક્રોસ કરવી ઈમ્પોસિબલ છે !" ત્યાં તો એના મનમાં એક ઝબકારો થયો, "ના, ના હું હાર નહીં માનું. જેમને મળવા આવ્યો છું એમને મળ્યા વગર નહીં જઉં."

બે મિનિટ માટે નિસર્ગે આંખો બંધ કરી અને ઊંડો શ્વાસ લીધો. પછી, પોતાના પાર્ટનર સાથે

ટનલ ક્રોસ કરવાના આઈડિયાસ શેર કર્યા. અને પાર્ટનરના આઈડિયા પણ સાંભળ્યા. બન્ને એ સાથે મળીને એક પ્લાન બનાવ્યો અને સહેલાઈથી ટનલ ક્રોસ કરી દીધી. "વાઉ, ટીમવર્ક અને એડજસ્ટમેન્ટથી કામ કેટલું સિમ્પલ થઈ જાય છે !" આ વિચાર આવતાની સાથે જ ટનલ અને પાર્ટનર ગાયબ થઈ ગયા અને સામેનો દરવાજો ખુલી ગયો. આ નિસર્ગે મેળવેલી સમજણની બીજી ચાવી હતી.

દરવાજામાંથી પસાર થઈને આગળ વધતા એક વિશાળ સમુદ્ર નિસર્ગને દેખાયો. સમુદ્રના મોજા ઊંચે હવામાં ઉછળ્યા અને પાણી શબ્દોમાં ફેરવાઈ ગયું. શબ્દો હતા - "એક ખાસ શંખમાં મળશે ચાવી, લાઈફ જેકેટ પહેરી કરો શોધવાની તૈયારી." અને શબ્દો ફરી મોજા બની સમુદ્રમાં સમાઈ ગયા.

એક પરીએ આવીને નિસર્ગને એક લાઈફ જેકેટ આપ્યું અને કહ્યું, "આ જેકેટ પહેરીને તું સમુદ્રમાં ઊંડે ઊંડે જઈ શકે છે. ડૂબવાનો કોઈ ડર નથી."

જેકેટ પહેરી, નિસર્ગ ફરી એક ચાવી શોધવા તૈયાર થયો. એણે સમુદ્રમાં ડુબકી મારી. થોડા પ્રયત્નો બાદ એક શંખ હાથમાં આવતા નિસર્ગ ખુશ થઈ ગયો. બહાર નીકળી જોયું તો શંખ તો ખાલી !! સમય બગાડ્યા વગર ફરી એણે એક ડૂબકી લગાવી. થોડી મહેનત બાદ સ્ટાર ફીશ આકારનો સુંદર શંખ હાથમાં આવતા એની આશા જીવંત થઈ. બહાર આવીને જોયું તો આ શું !! ફરી એ જ નિરાશા.

ત્યાં જ કોઈના શબ્દો કાને પડ્યા..... "નિસર્ગ, તું આ નહીં કરી શકે. તારાથી એક કામ પણ સારી રીતે નથી થઈ શકતું. તું જીવનમાં ક્યારેય આગળ નહીં વધી શકે."

શંખ શોધવા માટે ફેલાયેલા હાથ નિસર્ગે કાન પર મૂકી દીધા. રોજ રોજ, ઘરમાં અને સ્કૂલ માં આવા શબ્દો સાંભળવા ટેવાયેલા તેના કાનને એ સમજતા વાર ના લાગી કે અહીં પણ લોકો એને કહેવાની તક ગુમાવતા નથી. ચાવી ન મળવાની નિરાશા કરતાં પણ આ શબ્દો વધારે નિરાશાજનક અને આગળ વધતા અટકાવે તેવા હતા.

નિસર્ગ ચાવી શોધવાનું છોડી દે એ પહેલા જ તેને એવી અનુભૂતિ થઈ કે અહીં કોઈ એવી શક્તિ છે જે તેને આગળ વધવા પ્રેરણા આપી રહી છે. એ શક્તિના પ્રભાવથી એણે ન ગમતા શબ્દોને એક જ પળમાં દૂર ફંગોળીને બમણા વેગે ફરી ડૂબકી મારી.

અને આશ્ચર્ય વચ્ચે એક ચમકતો શંખ નિસર્ગના હાથમાં આવ્યો. જે ખોલતાની સાથે જ સોનેરી કિરણો ફેલાયા. આ વખતે એક સોનેરી ચાવી નિસર્ગને મળી. પહેલી વાર નિસર્ગને

સમજાયું  કે કોઈ આપણા કામમાં ડખો કરીને આપણી ભૂલો કાઢે, ના ગમતા શબ્દો કહે, પણ જો આપણે આપણો આત્મવિશ્વાસ ડગવા ના દઈએ તો જરૂર સફળતા મળે.

ચાવી હાથમાં લેતા જ નિસર્ગના મનમાં બહુ હળવાશ થઈ. પાછળ જોયું તો સમુદ્ર ગાયબ થઈ ગયો અને સામે એક દરવાજો દેખાયો. ચાવીથી એણે દરવાજો ખોલ્યો તો સાક્ષાત અંબા માતા પ્રગટ થયા.

અંબા માતાને જોતા જ નિસર્ગ સહજતાથી તેમને નમી પડ્યો. એને પોતાને નવાઈ લાગી કે મમ્મીના કેટલીય વાર ટોકવા છતાં ક્યારેય કોઈ મંદિરમાં ન જનાર કે કોઈને ન નમનાર આજે આટલો સહજ કેવી રીતે બની શક્યો !!

અંબા માતા નિસર્ગની મૂંઝવણ સમજી ગયા હોય તેમ તેને પાસે બોલાવી બાજુમાં બેસાડી માથે હાથ ફેરવ્યો. માતાનો હાથ ફરતા જ ગૂંચવાયેલું, અકળાયેલું, ગુસ્સાથી ઉકળતું, ચિડચિડિયું બનેલું મન બિલકુલ શાંત અને ખાલી થઈ ગયું. માતા નિસર્ગ સામે જોઈને મરક-મરક હસી રહ્યા હતા. અને નિસર્ગ ક્યારેય ન ઉકલી શકાયેલા પ્રશ્નને પળવારમાં જ હવામાં વિખરાતા જાઈ રહ્યો.

નિસર્ગને માતા પાસેથી ખસવાની ઈચ્છા તો ન હતી, પરંતુ માતાના આશીર્વાદ પામી ધન્ય બનેલા નિસર્ગને હજુ આગળ મુસાફરી કરવાની બાકી હતી. માતાના આશીર્વાદ લઈ તે આગળ જવા માટે તૈયાર થયો. એણે એક ક્ષણ માટે આંખો બંધ કરી અને પોતે મેળવેલી સમજણ રૂપી ચાવીઓ યાદ કરી. ફરી આંખો ખોલી તો બધું જ નજર સામેથી ગાયબ થઈ ગયું હતું.

મનમાં ખુશી સાથે આગળ વધતા નિસર્ગને હીરા રત્નજડિત દરવાજો દેખાયો.



# બે ઈંડા

એક વખત ભૌમિક અને ભાસ્કર નામના બે રાજકુંવર મિત્રો બગીચામાં ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં તેમને બે સુંદર ઈંડા મળ્યા.

"આ કોના ઈંડા છે ?" રાજકુંવરોને ઈંડા જોઈને કુતૂહલતા થઈ. કુંવરના અંગરક્ષકે જણાવ્યું કે એ મોરના ઈંડા છે.

બંને મિત્રોને મોરના ઈંડા પોતાના મહેલમાં લઈ જવાની ઇચ્છા થઈ. બંને મિત્રોએ એક એક ઈંડું વહેંચી લીધું અને પોતાના મહેલના તબેલામાં મૂકાવ્યું.


આમ એક ઈંડુ ભૌમિકને ત્યાં અને બીજુ ભાસ્કરને ત્યાં કૂકડાઓના ઈંડાઓ સાથે સેવાઈ રહ્યું હતું.

ભૌમિકને વારંવાર વિચાર આવતો કે, "કૂકડીનાં ઈંડા સાથે રાખેલા પેલા મોરના ઈંડામાંથી મોર થશે કે નહીં ?" ભૌમિક દર બીજા દિવસે આવીને ઈંડાને ખખડાવી જોતો. તે ઈંડાને આમથી તેમ ફેરવી ફેરવીને જોતો. આમ ઘણી વાર ડખો કરવાથી ઈંડુ નિર્જીવ થઈ ગયું. પોતાના ઈંડાને નિર્જીવ થઈ ગયેલું જોઈને એને બહુ જ દુઃખ થયું. એ નિરાશ થઈ ગયો, "હવે મને મોર સાથે રમવા નહીં મળે."


બીજી બાજુ ભાસ્કરને વિશ્વાસ હતો કે યોગ્ય સમયે મોર અવશ્ય થવાનો જ છે. એ વિશ્વાસથી તેણે ક્યારેય ડખો કર્યો નહીં. ના કદી ઈંડાને ખખડાવ્યું કે ના ફેરવ્યું. એણે ધીરજ રાખી અને પરિણામે, યોગ્ય કાળે તે ઈંડામાંથી મોરનું બચ્ચું થયું.

પછી ભાસ્કરે બચ્ચાને કાળજીપૂર્વક ઉછેરાવ્યું. ટૂંક જ સમયમાં ભાસ્કરનો મોર નાચવા લાગ્યો અને ટહુકા કરવા લાગ્યો. મોર રોજ પોતાના સુંદર પીંછાથી ભાસ્કરને ખુશ કરતો.


મિત્રો, શું આપણે પણ આપણી લાઈફમાં ભૌમિક જેવા ડખાઓ કરીએ છીએ ? "મેં પેપરમાં જે લખ્યું છે એ ટીચર બરાબર ચેક કરશે કે નહીં ?" "પિઝા ડિલિવરીમાં આટલી વાર કેમ લાગે છે ?" મારે પેલી વસ્તુ હમણાં ને હમણાં જ જોઈએ છે !" આવા ડખાઓ કરવાથી ક્યારેય કોઈ ફાયદો થયો છે ?" ના ! હંમેશા ભૌમિકની જેમ અંતે નિરાશ થવાનો જ વારો આવ્યો છે. ખરુંને ? ચાલો, આપણે નક્કી કરીએ કે આપણે ભાસ્કરની જેમ ડખો કર્યા વગર ધીરજથી કામ લઈશું અને પરિણામે આનંદ અનુભવીશું !



# ટીટો અને પોઝી




આ પોઝી આઠ પગથી કેવી રીતે ચાલતો હશે ? હું તો ચાર પગથી પણ માંડ માંડ ચાલુ છું.
અરે, ઓ પોઝી ! કિતને પાંવ હૈ તેરે ?
આઠ.
શું તેં તારા આઠેવ પગને નંબર આપ્યા છે ?
??
તો તને કેવી રીતે ખબર પડે કે કયો પગ પહેલા મૂકવાનો ?
??
અચ્છા, જે પગ તું બીજા નંબરે મૂકે છે એની જગ્યાએ તું ત્રીજા નંબરે મૂકે અને પાંચમા નંબરની જગ્યાએ સાતમા નંબરનો પગ પહેલા મૂકે તો શું થાય ?
??
ટીટો, પ્લીઝ મને કન્ફયુઝ ના કર ! હવે તો હું જ ભૂલી ગયો કે કયા નંબરનો પગ હું પહેલા મૂકુ છું...
અને આમ જે પોઝી સહજતાથી રોજ સરસ મજાનું આત્મવિશ્વાસથી ચાલતો હતો તે ટીટોના ડખાથી કન્ફયુઝ થઈને પડી ગયો.



ચીકી મંકી
ચીકી મંકી અને જમ્બો હાથી દોડ પકડ રમતા રમતા એક અજાણ્યા વનમાં જઈ પહોંચ્યા.
જો ચીકી, હું તો તારા કરતા વધારે ફાસ્ટ દોડી શકું છું.દોડતા દોડતા જમ્બો એક પાંદડાઓથી ઢંકાયેલા કૂવામાં જઈ પડ્યો.
હેલ્પ ! હેલ્પ ! ચીકી મને હેલ્પ કર. હું કૂવામાં પડી ગયો.
ઓહ ! તું ચિંતા ના કર. હું તને હમણાં જ બહાર કાઢું છું.
શું કરું ? શું કરું ?.... આઈડિયા !!!


ચીકી ઝાડની એક મોટી ડાળી લઈ આવ્યો અને કૂવામાં ફેંકી.
જમ્બો આને પકડી લે. હું તને બહાર ખેંચી લઈશ.
રિયલી ?
હા, હા... ચલ રેડી ? વન, ટુ એન્ડ...
ચીકીએ સખત જોર લગાવીને ડાળી ઉપર ખેંચી...
એન્ડ થ્રીઈઈઈઈઈઈઈઈઈ......
ચીકી પડ્યો નીચે અને જમ્બો નીકળ્યો કૂવાની બહાર...
થેંક-યુ સો મચ ચીકી. યુ સેવ્ડ મી.




તો જોયું મિત્રો, ટીટોના ડખાથી પોઝી કન્ફ્યુઝ થઈ ગયો અને બીજી બાજુ ચીકી મંકીને કોઈનો ડખો ના નડ્યો તો એ અઘરું કામ પણ સરળતાથી કરી શક્યો. આપણા કામમાં કોઈ ડખો કરે તો આપણું કામ બગડી જાય. તો, આપણે પણ ક્યારેય કોઈનામાં ડખો ના જ કરવો જોઈએ. ખરું ને ?



# અંબામાતાની આરતી

ૐ જય જગદંબે મા, ૐ જય અંબે માતા,
આરતી તારી ઉતારી (૨), શક્તિ સાધુ સદા....જય અંબે માતા

આદ્યશક્તિ સ્વરૂપ છે તું, પ્રાકૃતિક દેવી, મા પ્રાકૃતિક દેવી
સહજ પ્રકૃતિ થાતી,(૨) ભજના તુજ કરતાં, ..જય અંબે માતા

મૃદુતા-ઋજુતા પામે, હૃદયસ્પર્શી ભાષા, મા હૃદયસ્પર્શી ભાષા,
ત્રિયોગે અહિંસક થઈ,(૨) સુખ-શાંતિ દેતાં ..જય અંબે માતા

નેમિનાથના શાસન દેવી, સર્વ ધર્મે માન્યા, મા સર્વ ધર્મે માન્યા,
મોક્ષગામીના વિઘ્નો,(૨) સહેજે દૂર કરતાં ..જય અંબે માતા

પુરૂષ અને પ્રકૃતિના ભેદો, જ્ઞાની થકી ભેદાય, મા દાદા થકી ભેદાય
ભેદ પછીની ભક્તિથી,(૨) પ્રકૃતિ છેદાય ..જય અંબે માતા

તારા રૂપમાં ભાળું,દુર્ગા-કાલી, મહા, મા દુર્ગા-કાલી, મહા
બહુચર-ખોડિયાર મા ને,(૨) પાચાંગુલી-પદ્મા ..જય અંબે માતા

દિલથી તારી આરતી,જે કોઈ ગાશે, મા જે કોઈ ગાશે
અભ્યુદય ફળ પામી,(૨) આનુષંગિક વરશે ..જય અંબે માતા (૨)

Akram Express

October 2021
Year : 14, Issue : 2
Conti. Issue No.: 158

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month



# ગણપતિ બાપા મોરિયા...

## સીમંધર સીટી સેન્ટરના લીટલ અને બેબી એમ.એચ.ટી.ના બાળકોએ કર્યું ગણેશચતુર્થીનું સેલીબ્રેશન !!!





**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઓફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.